# શહેરમાં શનિવારની રાતે સાડા ત્રણ ઈંચ વરસાદ

**શહેરમાં મેઘરાજાની ઝંઝાવાતી બેટીંગ : આખી રાત શહેરમાં વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા : મોસમનો કુલ વરસાદ ૩૦૬ મી.મી.**







ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં મેઘરાજાએ જમાવટ કરી છે. છેલ્લા બે-ત્રણ દિવસથી પડી રહેલા છુટા છવાયા વરસાદ બાદ ગઈકાલે સાંજથી મેઘરાજાએ અડીંગો જમાવ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે આખી રાત વરસાદ વરસતો રહ્યો હતો. ક્યારેક ધીમી ધારે તો ક્યારેક ધોધમાર વરસાદ વરસતા શહેર આખુ પાણી પાણી થઈ ગયુ હતુ. એક દિવસમાં શહેરમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

આ વર્ષે પ્રારંભિક ચોમાસુ ખુબ સારૂ રહ્યુ છે. પહેલા બીપરજોય વાવાઝોડાના કારણે અને તે પછી બેસેલા ચોમાસામાં અત્યાર સુધી ખુબ સારો વરસાદ પડ્યો છે. વરસાદના બીજા રાઉન્ડમાં ચોમાસાની જોરદાર જમાવટ થઈ છે. છેલ્લા બે દિવસથી શહેરમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જો કે ગઈકાલ રાતથી મેઘરાજાએ કરેલી તોફાની બેટીંગથી વસાહતીઓ ખુશખુશાલ થઈ ગયા હતા.

રાતથી જ આકાશમાં વીજળીના કડાકાભડાકા શરૂ થઈ ચૂક્યાં હતા. વીજળીના કડાકા સાથે શરૂ થયેલો ધીમીધારનો વરસાદ ક્યારેક ખૂબ જોર પકડી લેતો હતો. વરસાદ સાથે પવનની ગતિ પણ વધી હતી. લગભગ આખી રાત વરસાદ વરસતો રહ્યો હતો. છેક સવાર સુધી વરસાદ પડતો રહેતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

આખી રાત વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જ્યાં જ્યાં ખુલ્લા મેદાનો હતા ત્યાં ત્યાં જાણે તળાવ ભરાયુ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ભારે વરસાદને કારણે શહેરમાં ઘણી જગ્યાએ ભૂવા પડ્યા હતા. જેના કારણે વાહનચાલકોને અને રાહદારીઓને તકલીફ પડી હતી. સતત વરસાદના કારણે શહેરના માર્ગોને નુકશાન થયુ છે. ખાસ કરીને સેક્ટરોના આંતરિક માર્ગો પર તો એટલા બધા ખાડા પડ્યા છે કે અહીંથી પસાર થવુ મુશ્કેલ બન્યુ છે. વરસાદી પાણી જ્યાં જ્યાં ભરાયા છે ત્યાં ત્યાં કાદવકીચડની સમસ્યા જોવા મળી તી. સેક્ટરોમાં હમણાં જ નાંખવામાં આવેલી પાણીની પાઈપલાઈનના કારણે ખુબ ખાડા પડ્યા હતા અને કાદવ-કિચડ પણ ખુબ થયુ હતુ. વસાહતીઓને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની રહે તે હદે કાદવકિચડ થયુ છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદ પડી રહ્યો હોવાથી જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે.

ગઈકાલે રાત્રે મેઘરાજાએ કરેલી બેટીંગના કારણે મોસમનો કુલ વરસાદ ૩૦૬ મી.મી. થયો છે. સતત વરસાદ વરસતા તાપમાનનો પારો ઘટી ગયો હતો. મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૯૫ ટકા રહ્યુ હતુ.




શહેરના અન્ડરપાસમાં પાણી ભરાયા : ગાંધીનગર શહેરમાં ગઈકાલ રાતથી સતત વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ઠેર ઠેર પાણીનો જમાવડો થયો છે. ખાસ કરીને ઘ-૪, ગ-૪ અને મહાત્મા મંદિર પાસેના અન્ડરપાસમાં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.ગુજરાત પર બે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે જેના કારણે વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે આખી રાત શહેરમાં વરસાદ વરસ્યો હતો. ક્યારેક ધોધમાર તો ક્યારેક ધીમીધારે વીજળીના કડાકા સાથે વરસાદ વરસતો રહ્યો હતો. લગભગ સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ રાત્રી દરમ્યાન વરસ્યો હતો. સતત વરસાદ વરસતા પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને શહેરના અન્ડરપાસમાં પાણી ભરાયા હતા. શહેરમાં આવેલા ઘ-૪, ગ-૪ અને મહાત્મા મંદિર પાસેના અન્ડરપાસમાં પાણી ભરાતા તંત્ર કામે લાગ્યુ હતુ. વાહનચાલકોને અહીંથી પસાર થવામાં મુશ્કેલી અનુભવાઈ હતી. અન્ડરપાસમાં પાણીના નિકાલની ડ્રેનેજ સિસ્ટમ નાંખેલી હોવા છતાં ભારે વરસાદમાં તે બીન અસરકારક પુરવાર થઈ હતી. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલના ગેટ પાસે, પથિકાશ્રમ ગેટ પાસે પણ પાણી ભરાયા હતા.

## જિલ્લામાં રવિવારે દિવસ દરમ્યાન અર્ધો ઈંચ વરસાદ

**નવા પાણીની આવક થતાં તળાવો ભરાયા : ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો : દહેગામમાં સૌથી વધુ વરસાદ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દિવસ દરમ્યાન પણ સરેરાશ અર્ધા ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ જતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

જિલ્લામાં રવિવારે દિવસ દરમ્યાન સૌથી વધુ વરસાદ સવારે ૬ થી રાત્રિના ૮ દરમ્યાન દહેગામ તાલુકામાં નોંધાયો છે. દહેગામ તાલુકામાં આજે દિવસ દરમ્યાન ૫૩ મી.મી. વરસાદ નોંધાયો છે. આ પછી કલોલમાં ૭ મી.મી. અને ગાંધીનગરમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લાના કલોલમાં પણ હવે વાવણીલાયક વરસાદ થઈ ગયો છે. આમ સમગ્ર જિલ્લામાં વાવણીલાયક વરસાદ થઈ જતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે તેમજ પેયજળની સમસ્યાઓ પણ હળવી થઈ છે.

રવિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં અર્થાત્ ગઈકાલે રાત્રે થયેલા ભારે વરસાદને કારણે જિલ્લામાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ઘટનાઓ બની હતી. પાણી ભરાઈ રહેવાને કારણે સંખ્યાબંધ વાહનો બંધ પડી ગયા હતા.

દહેગામ તાલુકામાં ભારે વરસાદને પગલે વધુ એક ભેંસનું વીજકરંટ લાગવાથી ચિસકારીમાં મોત થયુ છે. દહેગામમાં આ ચોમાસા દરમ્યાન સૌથી વધુ જાનહાનિ થઈ છે જે બે આંકમાં પહોંચી જવા પામી છે.

આજે રવિવારે સવારના ૬ વાગે પૂરા થયેલા ચોવીસ કલાકમાં જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. શનિવારના સવારથી રવિવારના સવારના ૬ વાગ્યા સુધીના ચોવીસ કલાક દરમ્યાન દહેગામમાં ૩૦ મી.મી., ગાંધીનગરમાં ૫૨ મી.મી., કલોલમાં ૨૮ મી.મી. તેમજ માણસામાં ૪૯ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ચોમાસાની સિઝન દરમ્યાન નોંધાતા સરેરાશ ૭૭૦ મી.મી. વરસાદની સામે જિલ્લામાં આ ચોમાસામાં ૨૦૬ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે. ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો જિલ્લામાં ૨૬.૪૫ ટકા વરસાદ રવિવારે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ દહેગામમાં રવિવારની સવારના ૬ વાગ્યા સુધીમાં ૨૫૦ મી.મી., ગાંધીનગરમાં ૨૧૮ મી.મી., કલોલમાં ૧૪૦ મી.મી. અને માણસામાં ૨૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

## આજથી જિલ્લામાં બોર્ડની ૧૦-૧૨ની પૂરક પરીક્ષા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થઈ રહેલ પૂરક પરીક્ષાની તૈયારીઓને આખરી ઓપ શિક્ષણ વિભાગે આપી દીધો છે.

જિલ્લામાં આ પૂરક પરીક્ષા માટે ૬૨૦૦થી વધુ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. ૨૪ કેન્દ્રો આ પરીક્ષા માટે જિલ્લામાં નિયત કરવામાં આવ્યા છે.

આ પૂરક પરીક્ષા માટે ૨૪ કેન્દ્રના ૨૩૩ બ્લોક્સ નિયત કરવામાં આવેલા છે. આ પૂરક પરીક્ષામાં ધો. ૧૦ માં ૩૯૬૬ પરીક્ષાર્થીઓ, સામાન્ય પ્રવાહ ધો. ૧૨ માટે ૧૫૬૬ પરીક્ષાર્થીઓ, તેમજ વિજ્ઞાન પ્રવાહ માટે ૬૭૯ પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

આ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્રો પર પુરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્ર પર પ્રાથમિક સારવારની કીટ પણ આપવામાં આવી છે. જિલ્લામાં આ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ સુચારૂ રીતે કરવામાં આવી હોવાનું જણાવતાં સૂત્રોએ કહ્યુ છે કે તમામ પરીક્ષા ખંડો સીસીટીવી કેમેરાથી સુસજ્જ છે.



ગાંધીનગરમાં મેઘો જામ્યો છે. વરસાદી પાણી સતત જમીનમાં ઉતરી રહ્યા છે. ખ-રોડ ઉપર નવી જ બનાવેલી ફૂટપાથ ભારે વરસાદના કારણે બેસી ગઈ છે. ક્યાંક નબળી ગુણવત્તાના દર્શન પણ થઈ રહ્યા છે.

## વિકાસના કામોની મુદત લંબાવવાના પ્રસ્તાવથી રાજકીય વિવાદ વધ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વિકાસના કામો તંત્રની ઉદાસીનતાને કારણે વર્ષ ૨૦૨૧થી ધીમી ગતિએ હાથ ધરવામાં આવી રહ્યા હોવાથી હવે આ કામોની સમય-મર્યાદા ૩૧-૩-૨૪ સુધી લંબાવવામાં આવી છે.

તાજેતરમાં જિલ્લા પંચાયતની મળેલ સામાન્ય સભામાં આ વાતનો વધુ એક ઘટસ્ફોટ થયો છે. વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણની વિપરીત અસરો વિકાસના કામો પર પડી છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ વિકાસ કામોની સમય-મર્યાદા વધારવા માટે અધ્યક્ષસ્થાનેથી પ્રસ્તાવ લઈ આવવામાં આવ્યો હતો અને તેને બહાલી આપવામાં આવી છે.

આ પ્રસ્તાવમાં જ જણાવાયુ છે કે સામાજિક ન્યાય અધિકારીતા, બાંધકામ વિભાગ, મહિલા-બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગના વિકાસ કામો ૨૦૨૧ થી અટવાયેલા પડ્યા છે. એટલુ જ નહિ ધીમી ગતિએ અમલીકરણ ચાલી રહ્યુ છે તેથી તેની સમય મર્યાદામાં વધારો કરી ૩૧-૩-૨૪ સુધી તેની સમય-મર્યાદા લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે.

જિલ્લામાં વિકાસના કામો ધીમીગતિએ ચાલી રહ્યા છે. એક તરફ વિકાસના કામો તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે સતત તાકીદ કરાયા પછી પણ આ સ્થિતિ બહાર આવતાં ભાજપમાં જ એક નવો ગણગણાટ શરૂ થયો છે.

વિકાસની ગતિ ધીમી પડી હોવાની વિપક્ષની વાતને અત્યાર સુધી નકારતા રહેલા ભાજપના સભ્યો પણ આ વાતને લઈ અકળાયા છે. વિકાસના કામો સમય-મર્યાદામાં જ પૂર્ણ કરવામાં આવે તેવો સ્પષ્ટ મત ચૂંટાયેલી પાંખના સભ્યો ધરાવી રહ્યા છે.

## આજે મુખ્યમંત્રી જાહેર મુલાકાત આપશે નહિ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સોમવારે તા. ૧૦ જુલાઈએ નાગરિકો, પ્રજા વર્ગો તેમજ જન પ્રતિનિધિઓને મુલાકાત આપશે નહિ. મુખ્યમંત્રી સોમવારે ગુજરાત પ્રવાસે આવી રહેલા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નઢ્ઢા સાથે વડોદરા ખાતેના કાર્યક્રમમાં સહભાગી થવાના છે. આ કારણોસર મુખ્યમંત્રી ગાંધીનગર ખાતે મુલાકાત માટે લોકોને મળી શકશે નહિ.



સેક્ટર-૫-સી માં અર્બુદાભવનની પાસે બાવળનું ઝાડ પડી ગયુ હતુ. ભારે વરસાદના કારણે પડી ગયેલા આ વૃક્ષના કારણે અર્બુદાભવનની કમ્પાઉન્ડ વોલની દિવાલને નુકશાન પહોંચ્યુ હતુ.

## જિલ્લામાં ખરીફઋતુનું વાવેતર ૫૪ હજાર હેક્ટરમાં નોંધાયુ

**ખરીફ વાવેતર ૪૨ ટકાને પાર; ખરીફ વાવેતર માટે સમયસરનું ચોમાસુ અને સાનુકૂળ હવામાનથી ખેડૂતોમાં ઉત્સાહ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના સમયસર અને ખરીફ વાવેતર માટેની સાનુકૂળ હવામાન સ્થિતિને લઈ ખરીફ વાવેતર ૪૨ ટકાને પાર કરી ગયુ છે. જિલ્લામાં ખરીફઋતુનું આજ સુધીમાં ૫૪ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં આ વખતે નવા પ્રયોગોથી અળગા રહેલા ખેડૂતોએ પરંપરાગત ખેતીમાં કપાસના વાવેતરમાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવણી કરતાં વધુ વાવણી કરી છે. જિલ્લામાં કપાસના પાકની ૨૧ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવણી કરી છે. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાના આ મુખ્ય પાકની વાવણી ૨૦ હજાર હેક્ટરની આસપાસ નોંધાતી હતી.

મગફળીનું વાવેતર પણ જિલ્લામાં ૧૦ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં નોંધાયુ છે તો તલનું વાવેતર પણ ૯૭ હેક્ટરમાં નોંધાયુ છે. આ વખતે જિલ્લામાં સોયાબીનનું ૩૧ હેક્ટરમાં વાવેતર કરી ખેડૂતોએ પાકની વાવણીનો પ્રયોગ ચાલુ રાખ્યો છે. અગાઉ જિલ્લામાં ૧૧૯ હેક્ટરમાં આ પાકનું વાવેતર નોંધાયુ હતુ. સોયાબીનની વાવણી ગાંધીનગર તાલુકામાં નોંધાઈ છે.

જિલ્લામાં મગનું વાવેતર ૬૮ હેક્ટરમાં મઠનું વાવેતર ૯ હેક્ટરમાં તો અડદના પાકનું વાવેતર ૧૨ હેક્ટરમાં નોંધાયુ છે. મઠ અને અડદનું વાવેતર ગાંધીનગરમાં નોંધાયુ છે.

ડાંગરનું વાવેતર ૨૫૬ હેક્ટરમાં અને ચોમાસુ બાજરીનું વાવેતર ૧૦૩૯ હેક્ટરમાં નોંધાયુ છે. ગુવારના પાકનું વાવેતર ૬૪૩ હેક્ટરમાં તો શાકભાજીના પાકોનું વાવેતર ૭૩૩૩ હેક્ટરમાં અને મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૧૨,૬૬૫ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસામાં ૫૬ ટકા, ગાંધીનગરમાં ૪૭ ટકા તો દહેગામમાં ૪૫ ટકા જેટલા વિસ્તારમાં સંપન્ન થયુ છે. કલોલમાં હજુ સુધી ૧૭ ટકા વિસ્તારમાં જ વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ગાંધીનગર, માણસા, દહેગામમાં કપાસનું વાવેતર ૫ હજાર હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારમાં નોંધાયુ છે. માણસામાં સૌથી વધુ ૭૭૦૦ હેક્ટરમાં નોંધાયુ છે. મગફળીનું વાવેતર ગાંધીનગર અને દહેગામમાં વધુ નોંધાયુ છે. ચોમાસુ બાજરીનું વાવેતર ગાંધીનગર અને દહેગામમાં જ નોંધાયુ છે. જિલ્લામાં હવે ખેડૂતો ફેર રોપણીના પાકો તેમજ દિવેલાના વાવેતરની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

ખૂબ ખૂબ અભિનંદન



પટેલ કલ્પેશકુમાર ડાહ્યાભાઈ
(ભવાની ગૃપ, બદામ કંપા)
ડીરેક્ટરશ્રી - ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક-હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની બેંકિંગ ક્ષેત્રની અગ્રીમ હરોળની ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંકમાં સતત બીજી વખત ડીરેક્ટર તરીકે આપશ્રીની બિનહરીફ વરણી થવા બદલ અમો સૌ ખૂબ ખૂબ અભિનંદન સાથે આપ સહકારી, રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરો તેવી શુભેચ્છા સહ...
અભિનંદન પાઠવીએ છીએ...

શુભેચ્છક
ઋતુલ પી પટેલ
પૂર્વ પ્રમુખ, તલોદ નગરપાલિકા
પ્રકાશસિંહ ચેહરસિંહ ઝાલા
બાબુભાઈ લાલજીભાઈ પટેલ
ગૌતમકુમાર પૂંજાભાઈ પટેલ
સરપંચ, વલિયમપુરા ગ્રામ પંચાયત
નાથુસિંહ જેણસિંહ રાઠોડ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com